ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૩ ટકા

# શહેરમાં જલારામ જયંતિ ધામધૂમથી ઉજવાઈ





ગાંધીનગર, તા.૨૭

જલારામ બાપાની ૨૧૮મી જન્મજયંતિ પ્રસંગે જલારામ ધામ સેકટર-૨૯ ખાતે થી ભવ્ય શોભાયાત્રા સવારે ૮ કલાકે પ્રસ્થાન થઈ હતી. આ શોભાયાત્રામાં મોટીસંખ્યામાં ભકતો જોડાયા હતા. શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સહિતના આગેવાનોએ શોભાયાત્રાનું માર્ગમાં સ્વાગત કર્યું હતુ અને જલારામ બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.બાપાની શોભાયાત્રા બહેનો મોટી સંખ્યામાં કળશ સાથે જોડાતા આગવુ આકર્ષણ ઉભુ કર્યું હતું. જયારે સવારથી સાંજ સુધી જલારામ ધામ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાતા મંદિર પરિસરમાં ધાર્મિક વાતાવરણનો માહોલ સર્જાયો હતો.

જલારામ બાપાની જન્મજયંતિ નિમિતે જલારામ ધામ ખાતે થી ભવ્ય શોભાયાત્રા સવારે ૮ કલાકે પ્રસ્થાન થઈ હતી. બેન્ડવાજા અને સંગીતની શુરાવલી સાથે નીકળેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા. શોભાયાત્રા જલારામ મંદિરથી સે-૨૮-૨૯ બસ સ્ટેન્ડ, ઘ-૬ થઈને ઘ માર્ગ પર આગળ વધી હતી. માર્ગમાં શહેરના આગેવાનોએ શોભાયાત્રાનું સ્વાગત કરીને બાપાના દર્શન કર્યા હતા. શોભયાત્રામાં માર્ગમાં ભકતો નાચગાન કરતા બાપાના ગુણગાન ગાતા નજરે પડયા હતા. ઘ-૫, ઘ-૪, પથિકાશ્રમ થઈનો શોભાયાત્રા સેકટર-૭ ભોજલરામ મંદિર પહોંચી હતી. ત્યાં ચા, પાણી નાસ્તા બાદ યાત્રા જલારામ મંદિરે સે-૧૭ હનુમાન મંદિર, ૧૭-૨૨ પંચદેવ મંદિર થઈ જલારામ મંદિર પરત ફરી હતી. બાપાની જન્મજયંતિ પ્રસંગે દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગે યોજાયા હતા. જેમાં બાપાની પૂજનવિધી સવારે ૮.૩૦ કલાકે હર્ષદભાઈ જોબનપુત્રાના હસ્તે કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં અખંડ ધુન સવારથી જ શરુ હતી. ત્યારબાદ સાંજે ૪ થી રાત્રનીના ૯ કલાક સુધી અન્નકુટ દર્શન, સાંજે ૬.૪૫ કલાકે મહાઆરતી યોજાઈ હતી જેમાં ભકતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે યોગેશભાઈ દક્ષિણી અને સાથીદારો દ્વારા સંકિર્તનનો કાર્યક્રમ યોજાયો હતો.વિરપુર જતા પદયાત્રીઓનું અભિવાદન સમારોહ યોજાયો હતો. જલારામ ધામ ખાતો સાંજે ૭ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હજજારો ભકતોએ લાભ લીધો હતો. જલારામ બાપાની જન્મજયંતિ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેને પગલે મંદિર પરિસરમાં ધાર્મિક વાતાવરણનો માહોલ જોવા મળ્યો હતો. જયારે બાપાના હજજારો ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## @ગાંધીનગર

● સેકટર-૬ ખાતે ફુલ જોગણી અને મેલડી માતાજીના ફરતા ફુલના ગરબા મેઈન શોપીંગ સેન્ટર પાછળ રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● દાદા ભગવાન પરિવાર દ્વારા સત્સંગ કાર્યક્રમ યોજાશે. જેમાં વિરોધાભાસ માન્યતાઓ સામેના વિષય ઉપર સાંજે ૭.૩૦ થી ૧૦.૩૦ કલાકે કાર્યક્રમ ચ-૩ સર્કલ પાસેના ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

● થનગનાટ આર્ટ એન્ડ કલ્ચર ફાઉન્ડેશન દ્વારા ત્રિપુટીનો તરખાટ કાર્યક્રમ શિવાલય પાર્ટી પ્લોટ ક-૭ સર્કલ પાસે સાંજે ૬.૩૦ કલાકે યોજાશે.

## વાતવાતમાં

● પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી બીજી તારીખે ગાંધીનગર ખાતે અક્ષરધામના રજતજયંતિ મહોત્સવમાં હાજરી આપવા પધારવાના હોવાથી માર્ગો ઉપર સાફ સફાઈનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે.

# શહેરમાં દિપકભાઈનો સત્સંગ કાર્યક્રમ યોજાશે

**દાદા ભગવાન પાઉન્ડેશન દ્વારા ચ-૩ ગ્રાઉન્ડ પર દિપકભાઈ પ્રશ્નોનું સમાધાન કરશે**



ગાંધીનગર, તા.૨૭

દાદા ભગવાન ફાઉન્ડેશન દ્વારા તા. ૨૮ અને ૨૯ ઓકટોબરના રોજ શહેરમાં ચ-૩ મેદાન ખાતે એક સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આત્મજ્ઞાની નીરુમાંના સ્વાધ્યાયી દિપકભાઈ ધર્મ, કર્મ અને અધ્યાત્મ સહીતના પ્રશ્નો મામલે સંતોષકારક જવાબ તેમજ માર્ગદર્શન પણ પુરું પાડશે.

પરમ પૂજય દાદા ભગવાન દીક્ષિત અને આત્મજ્ઞાની પૂજય નીરુમાંના સહાધ્યાયી આત્મજ્ઞાની દીપકભાઈ તા. ૨૮ અને ૨૯ ઓકટોબરે ગુજરાતના ગાંધીનગર શહેરમાં ચ-૩ સર્કલ પાસેના ગ્રાઉન્ડ પર સત્સંગ કરશે. પ્રશ્નોત્તરી કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કોઈ પણ વ્યકિત પોતાના પ્રશ્નો પુછીને દિપકભાઈ પાસેથી સમાધાન મેળવી શકશે. ભલેને એ પ્રશ્નો સાબંધીઓ કે વ્યવહારને લગતા હોય પોતાના મનમાં ઉભા થતા વિચારોને લગતા હોય અથવા પછી ધર્મ, કર્મ, અધ્યાત્મ, ભગવાન કે મોક્ષને લગતા પ્રશ્નોના પણ ઉત્તરો આપશે.

દૂરદર્શન-ગિરનાર ચેનલ પર લોકપ્રિય કાર્યક્રમો ‘જ્ઞાન પ્રકાશ’ અને ‘ધન્ય થયું આ જીવન’ જોવાવાળા હજારો દર્શકો માટે દીપકભાઈને પ્રત્યક્ષ જોવા-સાંભળવાનો આ સુવર્ણ અવસરનો લાભ લેવા પણ જણાવાયું છે.

પોતાના સ્વરૂપ કે આત્માને ઓળખવા માટે અનુભવી આત્મજ્ઞાની પાસે જવું પડે છે. આ માટે તા. ૨૯ ઓકટોબરના જ્ઞાનવિધિનો કાર્યક્રમ રાખવામાં આવેલો છે. સાંજે ૫.૩૦ વાગ્યાથી આ કાર્યક્રમ શરુ થશે.

# એલઆઈસી વેસ્ટર્ન ઝોન એડવાઈઝરી બોર્ડમાં શહેરના હિતેશ રાવલની નિમણુંક

ગાંધીનગર, તા.૨૭



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના અને ગાંધીનગર ડીસ્ટ્રીકટ બાર એસોસીએશનના સેક્રેટરી, જુનીયર સીટીઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ, વી-કેર ફાઉન્ડેશન તથા અન્નપુર્ણા મફત અન્નક્ષેત્રના અગ્રણી હિતેશ ભાલચંદ્ર રાવલ-એડવોકેટની ભારતીય જીવન વિમા નિગમ (એલઆઈસી)માં વોસ્ટર્ન ઝોન (મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવા)માં એડવાઈઝરી બોર્ડમાં નિમણુંક કરેલ છે. આ નિમણુંકથી ગાંધીનગર અને આ સંસ્થાઓનું અનેરું ગૌરવ વધારેલ છે.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરની માસિક સભામાં ફેરફાર

ગાંધીનગર, તા.૨૭

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક બેઠક ૩૧-૧૦-૧૭ને મંગળવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે લેઉઆ પટેલ સમાજવાડી સેકટર-૭ મુકામે મળનાર હતી તેને બદલે મિટિંગનું આયોજન તા. ૩૦-૧૦-૧૭ને સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે આજ સ્થળે મળશે. જેની કાઉન્સિલના સભ્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ઉપરાંત આ પ્રસંગે સિસિકા દ્વારા ગાંધીનગરના ‘વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત’ કરનાર નાગિરકોને સન્માનવાનો કાર્યક્રમ તથા ગાંધીનગર શહેરના વિદ્યાર્થીઓ જેમણે વર્ષ ૨૦૧૬-૧૭માં બી.ઈ. (સિવિલ, મીકે, ઈલે.) બી. આર્કીટેક તેમજ એમબીબીએસની પરીક્ષા પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ પણ તા. ૩૧-૧૦-૧૭ને મંગળવારને બદલે તા. ૩૦-૧૦-૧૭ને સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી, સેકટર-૭ મુકામે રાખવામાં આવેલ છે. જેની નોંધ લઈ લાગતા વળગતા સૌને હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## જન્મદિને વધામણી



મેહુલ પ્રહલાદભાઈ પ્રજાપતિ



નીતાબેન રાજેશકુમાર ઝાલા
મો. ૯૯૭૯૦ ૦૩૪૧૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# અમિયાપુર કેનાલમાંથી યુવાનો અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૭

અડાલજ નજીક આવેલા અમિયાપુર નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં આશરે ૩૦ થી ૩૫ વર્ષના અજાણ્યા યુવકનો અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસને ઘટના અંગે જાણ થતા પોલિસ સ્થળ પર દોડી આવી હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતો ગુનો નોંધી તેનું મૃત્યુનું કારણ અને તેની ઓળખવિધિ માટે તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આજે બપોરના અરસામાં અડાલજ પાસે આવેલા અમિયાપુર ગામ પોથી પસાર થતી નર્મદા કેનાલના પાણીમાંથી એક યુવાનનો બિનવારસી મૃતદેહ તરતો મળી આવ્યો હતો. રાહદારીનું આ તરતા મૃતદેહ પર ધ્યાન પડતા સ્થાનિક પોલિસને જાણ કરીને બોલાવી લેવાતા જમાદાર નરેન્દ્રસિંહ ઘટના સ્થળે આવી ગયા હતા મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા તેની ઓળખ થાય તેવું કાંઈ મળી આવ્યું ન હતું. આશરે ૩૦ થી ૩૫ વર્ષીય આ મૃતકના શરીરે વાદળી રંગની ટી શર્ટ પહેરેલી હતી. કમર નીચે કાંઈ પહેર્યું ન હતું. અર્ધનગ્ન હાલતમાં મળેલા મૃતદેહ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી અડાલજ પોલીસે તેની ઓળખ માટે તજવીજ શરુ કરી મૃતદેહ પીએમ કરાવીને મૃત્યુનું કારણ બહાર લાવવા ગતિવિધિ તેજ કરી છે.



કારતક સુદ છઠ ના રોજ ઉજવાતી છઠ પૂજાનું આયોજન શહેરમાં પણ મોટા પાયે કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્તર ભારતીય પરિવારોએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પૂજા તેનું ધાર્મિક મહત્વ ખૂબ ધરાવે છે. તેમાં કોઈ મૂર્તિપૂજા નથી કરાતી પણ સૂર્યદેવની પૂજા કરવામાં આવે છે. આ પૂજા આમ તો ચાર દિવસ ઉજવાય છે. જે કારતક સુદ ચોથના દિવસે શરુ થાય છે અને કારતક સુદ સપ્તમીના દિવસે પૂર્ણ થાય છે. આ પૂજા આમ તો મહિલાઓ કરે છે પણ હવે તો પુરુષો પણ તેમાં ભાગ લે છે. શહેરના સેકટર-૩૦માં યોજાયેલ છઠ પૂજામાં મહિલાઓએ સોળે શણગાર સજીને સૂર્યદેવની પૂજા-અર્ચના કરી હતી તથા ભોગ ધરાવ્યો હતો.

# નારદીપુર ગામમાં ખુલ્લેઆમ જુગાર રમતા ચાર ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

કલોલ તાલુકાના નારદીપુર ગામમાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ચાર શખ્સોને કલોલ તાલુકા પોલિસે ચોકકસ બાતમીને આધારે દરોડો પાડીને દબોચી લીધા હતા. તાલુકા પોલિસે ચારેય શકુનીઓની રૂ. ૧૪૨૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નારદીપુરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી કલોલ તાલુકા પોલીસને મળતા ખુલ્લેઆમ રમાઈ રહેલા જુગારના અડ્ડા પર દરોડો પાડી પોલિસે ચારને પકડી પાડયા હતા. પોલિસાનો જોઈનો જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી પરંતુ કોઈ ભાગી છુટવામાં સફળ રહ્યું ન હતું. પોલિસે રૂપાલ ગામના દર્શન વિનુભાઈ, દિનેશ સવાજી ઠાકોર, નારદીપુરના બોબા પોપટજી ઠાકોર અને પરબતપુરાના કનુ શકરાભાઈ રાવળ મળીને ચાર શકુનીઓને દબોચી લીધા હતા. જુગાર રમવાના સાધન સાહિત્ય તથા રોકડ સહિત કુલ રૂ. ૧૪૨૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે ચારેય શકુનીઓની ધરપકડ કરી લઈ કલોલ તાલુકા પોલિસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૭

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સભ્યના ધોરણ-૧ થી ૧૨ તથા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓનું આગામી તા. ૨૯-૧૦-૨૦૧૭ના રોજ સેકટર-૨૩ કડી કેમ્પસના ખીમજી વિશ્રામ હોલમાં બપોરના બે થી સાંજના ૬ દરમિયાન સન્માનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સભ્યોએ પરિવાર સહ હાજર રહેવા ટ્રસ્ટી એમ.પી. કાકડીયાએ અનુરોધ કર્યો છે.

# ચિલોડા સર્કલે રોજબરોજની ટ્રાફીક સમસ્યા





ચિલોડા સર્કલે ચાલી રહેલા ઓવરબ્રિજની કામગીરી અન્વયે વાહનચાલકો માટે વૈકલ્પિક વ્યવસ્થા તંત્રએ હાથ ધરી છે. પરંતુ સ્થાનિક પોલિસની નિષ્ક્રીય કામગીરી અને એસ.ટી.ના ડ્રાયવરોની મનમાનીથી રોજબરોજ ટ્રાફીક સર્જાય છે. મુખ્ય માર્ગની બંને બાજુ એસ.ટી. બસને ઉભી રાખવા માટેનું બોર્ડ લગાવી દેવાયું છે છતાં આ સુચનાને અવગણીને એસ.ટી. ડ્રાયવરો માર્ગની વચ્ચે જ બસ ઉભી રાખી મુસાફરોનો ઉતાર-ચઢાવ કરે છે જે કારણે પાછળ આવતાં તમામ વાહનો રોકાય છે અને લાંબી કતારો સર્જાય છે. જો કે સ્થાનિક પોલિસ પણ આ બસ ડ્રાયવરોને ટકોર કરતી નથી કે સુચના આપતી નથી જેથી દૈનિક સમસ્યા ઉભી થાય છે. વધુમાં ખાનગી મુસાફરી કરતાં વાહનો પણ માર્ગ ઉપર જ અડીંગો જમાવી દે છે જે કારણે ટ્રાફીક જામની સ્થિતિ જોઈ રહી છે.ખરીદી અર્થે વાહન લઈને આવતા લોકો પણ આવા ટુંકા માર્ગ ઉપર જ પાર્કીંગ કરી દઈ ટ્રાફીક સમસ્યામાં વધારો કરી રહ્યા છે. રોજેરોજની ટ્રાફીક સમસ્યાથી વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જેમાં પોલિસની કામગીરી પણ આ અંગે શંકાસ્પદ ભૂમિકાના સંકેત આપી રહી છે.

## ચિરવિદાય

- સ્વ. વૈશાલીબેન કેતનકુમાર રાવલ, ઉ.વ. ૩૩
- સ્વ. બાલકૃષ્ણ ચંદ્રશંકર વ્યાસ, ઉ.વ. ૬૭
- સ્વ. ભગાજી અમાજી ઠાકોર, ઉ.વ. ૭૫